# વર્ષાંતનો ઉજળો દીપોત્સવી દિવસ દિવાળી



અશ્વિન વદ અગિયારસથી જ દિવાળીનું પ્રકાશમય પર્વ શરૂ થાય છે. આસવ સુદ પૂનમ એટલે કોજાગરી પૂર્ણિમા. આકાશમાં ચંદ્ર ક્ષીણ થવા લાગે અને વદ પક્ષમાં દિવાળીનો દીપોત્સવ પૃથ્વીને પ્રકાશિત કરીને રમણીયતા પાથરે છે. દીવાઓના પ્રકાશથી ચમકવા લાગે છે.

આસવ વદ અગિયારસ વૃદ્ધિ તિથિ છે એટલે સોમવારે જ વાકબારસ ઉજવાય છે. ગોવત્સ દ્વાદશી છે. સમાજ ગાયમાતા અને તેના વાછરડાનું પૂજન કરે છે. ગાયને ઘાસ, ગોળ, ગોગ્રાસ ધરે છે. ગાય પ્રાણી પૃથ્વી સમાન છે. ગાય-વાછરડાનું પૂજન અને રક્ષણ સુખસંપદા, વૈભવ અને મોક્ષ પ્રાપ્તિ કરાવે છે. સાથે લોકો ગુરુદ્વાદશીનો પુણ્યકારક દિવસ માનીને ગુરુદર્શન, ગુરુપૂજન કરીને ગુરુદક્ષિણા આપવાની તક મેળવે છે. આ દ્વાદશીએ ગુરુ-શિષ્યનું મિલન અલૌકિક પ્રસંગ હોય છે. વિક્રમ સંવતનો આ અશ્વિન માસ અનેક મંગળ, પવિત્ર ઉત્સવોનો મેળો છે.

અશ્વિન વદ ત્રયોદશી એટલે જ ધનતેરસ. આ દિવસે ધન અને અલંકારોની પૂજા અતિ પુણ્યકારક અને સુખ આપનારી છે. ધનવંતરી જયંતી પૂજાનો પણ એ જ દિવસ છે. વૈદ્ય, ડૉકટરો સાંજે ધન્વંતરીની પૂજા કરે. સાંજે પ્રદોષકાળમાં આ પૂજન લાભદાયી થાય છે. ધન્વંતરી દેવના હાથમાં અમૃત કુંભ હોય છે. મનુષ્યપાત્રનું સ્વાસ્થ્ય ઉત્તમ રાખવાનું ઉદાત્ત કર્મ ધન્વંતરી દેવ કરે છે. શ્રી ધન્વંતરયે નમઃ શ્રી અશ્વિનકુમારૈ નમઃ બોલીને આ દેવનું સ્મરણ કરાય છે. ધન્વંતરીની મૂર્તિ ના હોય તો ચોખાની ઢગલી પર સોપારી મૂકીને ધન્વંતરીની પ્રસન્નતાથી પૂજા કરવી. દરદીના રોગમાં સુધાર થાય છે. ધન્વંતરીની રૂપમાંની આ સોપારી પૂજન પછી અક્ષત ચઢાવી ડૉકટરે કે વૈદ્યે પોતાના સ્થાન પર સુરક્ષિત મૂકવી અને આવતે વર્ષે મંદિરમાં અર્પણ કરવી. પ્રસાદમાં ધનિયા અને ગોળ રાખવો. દરદી અને વૈદ્ય બંનેને સુખ આપનારો આ તહેવાર છે. આ દિવસે દીપદાનનું પણ મહત્ત્વ છે.

**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

નરક ચતુર્દશી આસવ વદ ચૌદસનો આ દિવસ દિવાળી પર્વનો મહત્ત્વનો દિવસ છે. પાવન પવિત્ર દિવસ છે. આ દિવસે સૂર્યોદય પહેલાં ઊઠવાનું હોય છે. પોતાનું સ્નાન સૂર્યોદય સાથે થાય એવો આગ્રહ રાખવાનો છે. કારણ અભ્યંગ સ્નાનને સમય લાગે છે. અભ્યંગ સ્નાનમાં ઘરની સ્ત્રીઓ બેન, ભાભી, મા સગપણ પ્રમાણે પુરુષોના શરીરે તેલમર્દન કરે છે. પછી ચણાની દાળના લોટથી કે બજારમાં મળતાં સુગંધી લોટથી શરીરને માલિશ કરે જેથી શરીર પરનો મેલ દૂર થાય છે. પછી પુરુષની ઔક્ષણ આરતી ઉતારી તિલક કરીને સ્નાન માટે ગરમ પાણી આપવાનું છે. પુરુષ એકબે લોટા પાણી શરીર પર લીધા પછી ઘરની સ્ત્રીઓ ફરી વાર પુરુષને ચાંદલો કરીને દીપારતી કરે છે અને પછી પુરુષ સુગંધી સૌમ્ય સાબુ ઘસીને ઉત્તમ રીતે સ્નાન કરે છે. આ વિધિ કરવાથી આખું વર્ષ સ્વાસ્થ્ય સારું રહે છે અને મન, બુદ્ધિ પવિત્ર બને છે. કાળી ચૌદસથી જ દિવાળીનો પ્રારંભ થાય છે. રાત્રે ભગવાન પાસે, બારીબારણાં પાસે કોડિયામાં દીવો પ્રગટાવે છે. ઘરનાં બારણાં સાથે આંગણામાં સાથિયા પૂરવામાં આવે છે. ચૌદસના ફરાળમાં મીઠી પૂરી, ઘૂઘરા, ચકલી, પાપડી, સેવ, મિઠાઈ બનાવેલી હોય, બાળકોને ખૂબ મજા આવે છે.

> નરક ચતુર્દશીના દિવસે સૂર્યોદય પહેલાં ઊઠવાનું હોય છે. પોતાનું સ્નાન સૂર્યોદય સાથે થાય એવો આગ્રહ રાખવાનો છે. કારણ અભ્યંગ સ્નાનને સમય લાગે છે. અભ્યંગ સ્નાનમાં ઘરની સ્ત્રીઓ બેન, ભાભી, મા સગપણ પ્રમાણે પુરુષોના શરીરે તેલમર્દન કરે છે. પછી ચણાની દાળના લોટથી કે બજારમાં મળતાં સુગંધી તેલથી શરીરને માલિશ કરે જેથી શરીર પરનો મેલ દૂર થાય છે

દારૂખાનું ફૂટે છે. ફટાકડાનો ધ્વનિ ગરજે છે. બોમ્બ ફૂટે છે. ભૂચક્ર અને તારામંડળથી રાત નિખરી ઊઠે છે. લક્ષ્મીપૂજન થાય છે.

અશ્વિન વદ અમાસ એટલે લાડલી દિવાળી, વિક્રમ સંવત 2080ની અંતિમ ઝળહળતી દીપોત્સવી રાત્રી. વર્ષના તહેવારોનો છેલ્લો ઉજળો તહેવાર, ખુશીનો દિવસ. લક્ષ્મી શારદા પૂજન, ચોપડાપૂજન, વેપારીઓનો મહત્ત્વનો દિવસ, ધૂપ-દીપથી અને મંગલ સૂર સંગીતથી વાતાવરણ વૈભવશાળી બને છે. પ્રસન્ન બને છે. આ વર્ષે જે સર્વાનુકુળ પ્રગતિ, ઉજ્વળતા મળી છે તે આવતા વર્ષે રહે અને પરિવાર અને નગરજનો સુખનો અનુભવ પ્રાપ્ત કરે એવી લક્ષ્મીમાતાને પ્રાર્થના કરે છે. નવું સંવત 2081 સર્વોપરી સુખ-શાંતિ-ધનસંપદા, સ્વાસ્થ્યથી ભરપૂર રહે. દેશનું સ્વાતંત્ર્ય આબાદ રહે. એકાત્મતા વધે એવી પ્રાર્થના દેવીમાને કરીને સમાજ સંતોષી બને છે. દિવાળીનો શુભ સંદેશ બધાને વિતરીત થાય છે. બધાંને દીપોત્સવ મુબારક હો.

---

# દીપાવલિનું મહાપર્વ



ભગવાન શ્રીકૃષ્ણનો સંદેશ છે કે જીવન ઉત્સવ છે. એ જન્મ્યા જેલમાં, ત્યાંથી એ ભાગવું પડ્યું પણ એના જન્મની સાથે જ ઉત્સવ 'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી' પૂતના આવી, શકરાસુર આવ્યો, બાળપણથી અસુરો અને સંઘર્ષ છતાં ય ટક્કર લીધી પ્રભુએ! સમજાવ્યું સૌને કે સંઘર્ષથી ડરવાનું નથી સામનો કરતાં શીખો. આપણા દરેક ઉત્સવો આપણને આનંદથી ભરી દેવા સમર્થ છે. હોળી, રામનવમી, ગણેશ ચતુર્થી, શિવરાત્રી, ગોકુળ અષ્ટમી હોય કે પછી હોય નવરાત્રિ. આ ઉત્સવો આપણને ભરપપૂર આનંદથી જીવન જીવવાનો સંદેશ આપે છે. ડિપ્રેશનથી પીડાવાને બદલે મળેલા માનવ જીવનના મૂલ્યને સમજીએ. મારે આજે ગુરુકૃપાએ વાત કરવી છે મહા ઉત્સવ એટલે કે દીવાળીની પાંચ-પાંચ દિવસ ચાલતા આ મહા ઉત્સવની તૈયારી તો વળી કેટલાંય દિવસો પહેલાંથી જ શરૂ થઈ જાય છે. તેના આગમનને વધાવવા ઘરના ખૂણે ખૂણાને સાફ કરવાનો, વાસણ-કૂસણની સફાઈ કરી એની ગોઠવણી કરવાની, દીવાલોનું રંગ રોગાન કરવાનું, આંગણાની સફાઈ અને આંગણાને સુશોભિત કરતી રંગોળી સજાવવાની બારણે તોરણો બાંધવાના. સ્વચ્છતામાં પ્રભુનો વાસ છે માટે ઘરને સ્વચ્છ કરવાનું, સ્વચ્છતા, પ્રેમ અને ભાઈચારાનો સંદેશ લાવતું પર્વ એટલે દીવાળી ખરુંને? તો હવે મન સાફ કરવાનો વારો. કેવી રીતે? મનનો કચરો-કૂડો-કર્કટ એટલે કામ, ક્રોધ, લોભ, કપટ કાઢવાના એ કેમ થશે? સત્સંગથી. તેથી જ કહેવાયું છે કે- 'આવો ભાઈઓ,આવો બહેનો કથા ગંગા નહાઓ.

**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

વૈષ્ણવ થવા માટે લેવા જેવો લહાવો. પેલી ગંગામાં તન શુદ્ધ થાય. સત્સંગ ગંગામાં નહાવાથી મન શુદ્ધ થાય. દુર્ગુણ... બગિયાને મહેંકાવો. 'આજે સૌને જયશ્રીકૃષ્ણ કાલે વહેલા આવજો. હરિગુણ ગાવા હરિ રસ પીવા આવે એને લાવજો. મન મંદિરના ખૂણેખૂણેથી કચરો કાઢી નાંખજો. અખંડ પ્રેમ તણી જ્યોતિને કાયમ જલતી રાખજો. સઘળી ફરજો અદા કરીને સત્સંગ માંહી બેસજો. માન-બડાઈ છેટી મેલી ઈર્ષ્યા કાઢી નાંખજો. સૌ પ્રત્યે ભાઈચારો અને પ્રેમ પ્રગટ કરવાનું પર્વ એટલે જ દીવાળી ઘર-સાફ, મન સાફ હવે દીપક પ્રગટ... કયો દૂર કરવાનો? અજ્ઞાનનો... અંધકાર સમાપ્ત. એ દીપ સદ્‌ગુરુની કૃપાએ પ્રગટશે તો જન્મ જન્માંતરનો અજ્ઞાનાંધકારનો નો અંત અને દિવ્ય તેજમાં પ્રિયતમ પ્રભુના દર્શનથી આનંદ મગ્ન થઈ શકીશું. તો પછી છે ઉત્સવ જ ઉત્સવ. આ જ તો છે નૂતન જીવન. આ દીપાવલિના પર્વ પર બધા સાથે મળી જ્ઞાનદીપ પ્રજવલિત કરીએ અને મોહાંધકારને દૂર કરવા અનુરાગી બનીએ. જીવનના કોડિયામાં સ્નેહના સિંચન દ્વારા સમર્પણની જ્યોતિ જલતી રહે અને આ જ્ઞાન જ્યોતિ સૌના આંતર બાહ્ય-તિમિરને દૂર કરે... તેવી પ્રાર્થના. જેવો હોય છે આ પ્રગટ અગ્નિ છે જેમ કે દીવાની જ્યોત. હવે એણે જ્ઞાનનો અગ્નિ પ્રગટ કરી લીધો છે જે પ્રમાણે અગ્નિમાં બધું જ બળીને ભસ્મ થઈ જાય છે એ જ પ્રમાણે જ્ઞાનનો અગ્નિ પ્રગટ થતાં જ એમાં બધા કર્મો બળીને ભસ્મ થઈ જાય છે. પછી એને કર્મનું બંધન રહેતું નથી એ મુક્ત છે. એ હંમેશા આનંદમાં અને પ્રસનનતામાં મસ્ત રહે છે. જ્ઞાની દરેક પરિસ્થિતિમાં પ્રસન્ન દેખાય. જે વ્યક્તિ વિપરીત પરિસ્થિતિમાં પણ વ્યગ્ર અને ઉગ્ર ન બને, તેને શાંત કહે છે, બાહ્ય અશાંતિનું નામ છે ઉગ્રતા અને આંતરિક અશાંતિનું નામ છે વ્યગ્રતા. પ્રતિકૂળ પરિસ્થિતિમાં જે મનની શાંતિ કાયમ રાખે તે જ સાચો સાધક છે. આજે દેશમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી તીવ્ર ગતિએ હરણફાળ ભરી રહી છે. કોમ્પ્યુટર તમારા વતી કામ કરે છે, તમારા વતી વિચારે છે, એ સુપર માઈન્ડ બનીને વિકલ્પ બતાવે છે.આ એકઅદ્‌ભૂત વાત છે, આનાથી દુનિયાને ઘણો મોટો ફાયદો થઈ શકે છે. પરંતુ જ્ઞાનની સાથે ડહાપણ પણ હોવું જોઈએ, વિવેક હોવો જોઈએ. એ વિવેક નહીં હોય તો આવિકસિત ટેકનોલોજીથી વ્યક્તિનો વિકાસ નહીં, વિનાશ પણ થઈ શકે છે. એટલા માટે ભૌતિક વિજ્ઞાનની સાથે અધ્યાત્મજ્ઞાન, વિચારની સાથે 'સારા સારા વસ્તુ વિવેક'ની જરૂર છે. વિવેક માટે ધર્મની જરૂર છે. સત્સંગની જરૂર છે. કારણ કે 'બિનુ સત્સંગ બિબેક ન હોય'. જો આપણી બુદ્ધિ વિવેકી હશે તો મનની લગામથી ઈંદ્રિયરૂપી અશ્વને કાબૂમાં રાખીને શ્રેય તરફ લઈ જશે. વિવેક અને ધૈર્ય બુદ્ધિ, બારણે બેઠેલા બે સિપાઈ છે. પ્રભુકૃપાથી મળેલા આ સૈનિકો ભગવદીયના હૃદયની સતત રક્ષા કરે છે આપણા તહેવારોનો મૂળ સંદેશ જ છે કે વેરભાવ દૂર કરી પ્રેમપૂર્ણ વ્યવહારથી સૌને અપનાવવા. જીવનમાં ઉત્સાહ અને ઉમંગ નો સંચાર કરવો. શરીરમાં પુરુષાર્થ હૃદયમાં ઉત્સાહ, મનમાં ઉમંગ, બુદ્ધિમાં સમતા, વેરભાવની વિસ્મૃતિ, સ્નેહની સરિતાનો પ્રવાહ, અતીતના અંધકારને અલવિદા અને નૂતન વર્ષના નવ પ્રભાતનો સત્કાર એટલે જ દીવાળી. સાફ સૂથરા સ્વચ્છ અને પવિત્ર ઘરમાં લક્ષ્મી આવે છે અને એ કાયમ ક્યારે રહે? પ્રેમથી. પ્રેમથી નારાયણ વશ થાય અને તો લક્ષ્મી પણ નારાયણની સાથે ટકી જાય છે. આત્મદીપ જલાવીએ દીવાળીમાં આપણે ફટાકડા ફોડીએ છીએ* શાના ફટાકડા ફોડવાના? અહંના, અભિમાનના અને તો જીવનમાં 'આઠે પહોર આનંદ થશે. જે ઘરમાં ગાય, ગોપાલ અને બ્રાહ્મણોની સદાય સેવા થતી હોય લક્ષ્મી નારાયણ ત્યાં સદા બિરાજે છે. આજકાલ લોકો દીપને બદલે બલ્બ જલાવે છે પણ ના, એક બલ્બથી બીજો બલ્બ જલાવાતો નથી માટે દીપક. એક દીપથી હજારો દીપક જલાવવા છતાં મૂળ દિપક તો જલતો જ રહેશે. જો તમે દીવડો થવા પ્રયત્ન કરશો તો કંઈ આખી દુનિયાનું અંધારુ દૂર નહીં કરી શકો પણ કમસે કમ તમારી આસપાસની જગ્યામાં તો અજવાળું પાથરી જ શકશો માટે નિરાશ ન થતાં આશાવાદી બનો. સ્વાધ્યાયનો દીપ જલતો હોય ત્યાં વહેમ, જડતા, અંધશ્રદ્ધા, દંભ, અહંકાર ટકતો નથી. સ્વાધ્યાય તમને સાચું માર્ગદર્શન આપશે.

> જો તમે દીવડો થવા પ્રયત્ન કરશો તો કંઇ આખી દુનિયાનું અંધારું દૂર નહીં કરી શકો પણ કમસે કમ તમારી આસપાસની જગ્યામાં તો અજવાળું પાથરી જ શકશો માટે નિરાશ ન થતાં આશાવાદી બનો

નવા વર્ષે શુભ નિર્ણય કરી ધ્યેયને માર્ગે આગળ વધીએ અને બગડેલી બાજી સુધારી લઈએ અંતે પ્રાર્થના કરવાની હે પ્રભુ! તન-મન સાફ રાખી તારા પ્રત્યે કૃતજ્ઞ રહી જીવનનો આનંદ ઉઠાવી સૌને એ આનંદ વહેંચુ જેથી ઉત્સવની ઉજવણી કરતાં જીવન ઉત્સવ બને. ઉત્સવ (સેલિબ્રેશન) એકલાં નહીં ભેગા મળીને જ ઉજવાય ને? ખરું ને? તો મન ઉદાર બને. સૌને સાથે લઈને ચાલતા શીખીએ કોઈને કામ આવીએ- જીવન મળ્યું તો જીવતા શીખજો રે.' સૌને દિવાળીની શુભકામના નૂતન વર્ષાભિનંદન.

(પૂ. રમેશભાઈ ઓઝાના સત્સંગને આધારે)